RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૦૯ તા.૨૬–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અનિલ ધનજીભાઈ પટોળિયા
સામાવાળાઃ– ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપી)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનિલ ધનજીભાઈ પટોળિયાની તા. ૨૩–૧૧–૧૧નીઅરજીથી મુદ્દા નં.(૧) ટી.પી. ૧૧ પુણાનો ડ્રાફટ બન્યો ત્યારે મુકવામાં આવેલ S.E.W.S. ના રીઝર્વેશન નં. ૧૦૧,૧૦૨,૧૦૩,૧૦૮,૧૦૯,૧૧૨ની જગ્યા ખુલ્લી હતીકે કેમ ? અને અત્યારે આ જગ્યા ખુલ્લી છે કે કેમ ? અને ત્યારે ખુલ્લી હતી અને અત્યારે નથી તો તેના માટે જવાબદાર કોણ ? મુદ્દા નં. (૨) અત્યારે આ રીઝર્વેશનની સ્થિતિ ટીપી નકશામાં શુ છે? નકશા સાથેની વિગતની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૦૯/૨૦૧૧–૧૨

શ્રી અનિલ ધનજીભાઈ પટોળિયાની તા. ૨૩–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી. નં.૧૧ પુણાનો ડ્રાફટ બન્યો ત્યારે મુકવામાં આવેલ S.E.W.S. ના રીઝર્વેશન નં. ૧૦૧, ૧૦૨,૧૦૩, ૧૦૮,૧૦૯,૧૧૨ ની જગ્યા ખુલ્લી હતી કે કેમ ? અને અત્યારે આ જગ્યા ખુલ્લી છે કે કેમ ? અને ત્યારે ખુલ્લી હતી અને અત્યારે નથી તો તેના માટે જવાબદાર કોણ ? મુદ્દા નં. (૨) અત્યારે આ રીઝર્વેશનની સ્થિતિ ટીપી નકશામાં શુ છે? નકશા સાથેની વિગતની માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી(ટી.પી)ના પત્ર નં. ટીપીડી/ આરટી આઈ /આ.નં./૪૩૦ તા. ૩–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો વિશેષતઃ સુડાના તા. ૨૩–૧૨–૧૧ના પત્ર અન્વયે દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૮ તા.૬–૧–૧૨ થી** ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપી) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ટીપીડી/આરટીઆઈ/પ૨૪ તા.૧૮–૧–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને પાઠવેલ પત્ર નં.ટીપીડી/૪૩૦ તા.૩–૧૨–૧૧ ના પત્રની નકલ, ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આ. નં.૪૨૯ તા.૩–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી અને નગર રચના અધિકારી, એકમ–૪, સુડા ભવન, નાનપુરાને મુદ્દા નં.૨ માટે તથા જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને મુદ્દા નં.૧ માટે તબદીલ કરેલ પત્રની નકલ, મ.જાહેર માહિતી અધિકારી નગર નિયોજક ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી ટીપીડી/આ.નં.૪૩૧ તા.૩–૧૨–૧૧ થી મુદ્દા નં.૧ આંશિક અંગે સુડા ભવનને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/આ.નં.૬૫૧ તા.૨૫–૧૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૩–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી ટાઉન પ્લાનીંગ અધિકારી સુમપાને સંબોધતી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ.જે અંગે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૫૧ તા.૨૫–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને તબદીલ કરવામાં આવેલ. મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર ટીપીડી/આ.નં.૪૩૧ તા.૩–૧૨–૧૧ થી મુદ્દા નં.૧ આંશિક અંગે સુડા ભવનને નિયત સમય અવધિ બાદ તબદીલ કરવામાં આવેલ. જયારે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૨૯ તા.૩–૧૨–૧૧ થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં.૨ અંગે નગર રચના અધિકાર એકમ–૪ , નાનપુરા, સુરત ખાતે તથા મુદ્દા નં.૧ આંશિક અંગે વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૩૦ તા.૩–૧૨–૧૧ થી અરજદારને અરજીમાં જણાવેલમુદ્દા ન.૧ અન્વયે ટીપી સ્કીમ નં.૧૧ (પુણા) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ , સુડા ભવન નાનાપુરા, સુરતધ્વારા બનાવવામાં આવેલ છે. સદરહુ વિસ્તારનો સરકારશ્રીના તા.૧૪–૨–૦૬ ના જાહેરનામાથી

સુરત મહાનગરપાલિકામાં સમાવેશ થયેલ છે. જે અન્વયે ટીપી સ્કીમ નં.૧૧ (પુણા) ડ્રાફ્ટ બન્યો ત્યારે મુકવામાં આવેલ સા.વે.ઝોનના પ્લોટોવાળી જમીનની માહિતી ટાઉન પ્લાનીંગ ખાતે ઉપલબ્ધ નથી. જે અંગે અરજદારે તા.૩–૨–૧૧ ના નિર્ણયથી નારાજ થઈ તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૧ બાબતે જાહેર માહિતી અધિકારી/પ્રવર નગર નિયોજક સુરત શહેરી વિકાસ સત્તા મંડળ ના પત્ર નં.સુડા/યુ–૪/આઈ ડી નં.૧૩૧૮/૪૦૬૭ તા.૨૩–૧૨–૧૧ તબદીલ કરનાર સુમપાના જાહેર માહિતી અધિકારી પાસે રેકર્ડ હોવાથી માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે તેમજ ટાઉન પ્લાનીંગ વિભાગ ધ્વારા માહિતી છુપાવવાનો પ્રયાસ કરી ખોટો જવાબ આપેલ છે આમ આરટીઆઈ હેઠળ ખોટી માહિતી આપવા કે છુપાવવા બદલ કરવામાં આવતી કાર્યવાહી કરવા અને સાચી માહિતી આપવાની રજૂઆત કરેલ છે.

જે અંગે અરજદારે સુડા ભવન તરફથી નં.સુડા/યુ–૪/આઈ ડી નં.૧૩૧૮/૪૦૬૭ તા.૨૩–૧૨–૧૧ થી "માંગેલ માહિતીની વિગતોનો રેકર્ડ નગર નિયોજકશ્રી સુરત મહાનગરપાલિકાને પાઠવી આપેલ છે માંગેલ માહિતીનો રેકર્ડ કચેરીએ ઉપલબ્ધ ન હોવાથી માહિતી મામુર છે" તેવું જણાવેલ છે તેવી નકલ અરજદારે પણ રજૂ કરેલ છે. તેમજ મુદ્દા નં.૧ આંશિક અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને તબદીલ થયેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર તરફથી મુદ્દા નં.૧ અંગે આંશિક માહિતી અત્રેથી પૂરી પાડવામાં આવેલ છે તેમજ આંશિક માહિતી માટે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને તબદીલ થયેલ છે તેવું જણાવેલ છે. વધુમાં સુડા ધ્વારા માંગેલ માહિતીનો રેકર્ડ ટાઉન પલાનીંગ વિભાગમાં પાઠવી આપેલ હોવાનું જણાવેલ છે. અને જાહેર માહિતી અધિકારીએ સદર વિસ્તાર સરકારશ્રીના તા.૧૪–૨–૦૬ ના જાહેરનામાથી સુમપામાં સમાવેશ થયેલ હોવાથી ટીપી સ્કીમ નં.૧૧ (પુણા) નો ડ્રાફ્ટ બન્યો ત્યારેS.E.W.S ના પ્લોટોવાળી જમીનની માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે આથી અરજદાર આપેલી માહિતીની ખરાઈ કરી શકે તે માટે લાગત દફતરનું ઈન્સ્પેકશન આપવાનું રહે. તેમજ વરાછાઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દાનં.૧ અંશતઃ બાબતે કોઈ માહિતી પૂરી પડાયેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. મુદ્દા નં.૨ પૂર્ણ રીતે નગર રચના અધિકારીને તબદીલ થયેલ છે તે અંગે અરજદારે પણ કોઈ તકરાર અપીલ તબકકે ઉપસ્થિત કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અંશતઃ અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોઈ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી મુદ્દા નં.૧ અંશતઃ અંગે માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જયારે અંશતઃ માહિતી માટે સુડા ભવનને તબદીલ કરવામાં આવેલ અને તેઓ તરફથી તેવી માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગને પાઠવી આપવામાં આવેલ અને જે અંગે ટાઉન પ્લાનીંગ વિભાગ ખાતે તેવી માહિતી ઉપલબ્ધ ન હોવા અંગે અરજદારને આપેલી માહિતીની ખરાઈ કરી શકે તે અંગે અરજદારે ઓફિસ કામકામજના સમય દરમ્યાન દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ ફી ભરપાઈ કરી તપાસણી કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી તેની અમલવારી કરવા ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અનિલભાઈ ધનજીભાઈ પટોળીયા,